# ધોરણ-૧૦ના પરિણામમાં ઉત્સાહનો અભાવ

**માસ પ્રમોશનના લીધે પરિણામલક્ષી ઉત્તેજના જોવા ન મળી : જિલ્લામાંથી ૫૦૮ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ : ગત વર્ષ કરતા એ વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો : કોરોના કાળમાં શાળાઓમાં કોઇ ભીડભાડ નહી**



ગાંધીનગર તા ૩૦

કોરોનાના કપરા કાળમાં આ વર્ષે શિક્ષણ જગતના ઈતિહાસમાં પ્રથમવાર બોર્ડની પરીક્ષા રદ કરવામાં આવી છે. ધો -૧૦ અને ધો -૧૨ ની પરીક્ષા રદ કરાયા બાદ સરકારે મુલ્યાંકન પધ્ધતિ મુજબ ધો -૧૦ ના વિદ્યાર્થીઆનુ પરિણામ જાહેર કરવાનો નિર્ણય લીધો હતો. બોર્ડનુ પરિણામ તૈયાર કરવામાં શાળાના શિક્ષકોએ પણ ખુબ મહેનત કરી છે. જયારે ગઈકાલે સાંજના બોર્ડની વેબસાઈટ પર ધો-૧૦નુ પરિણામ મુકવામાં આવ્યુ હતુ. આજે નગરની શાળાઓમાંથી પરિણામની માર્કશીટનુ પણ વિતરણ કરાયુ હતુ પરંતુ માસ પ્રમોશનના અંતે બોર્ડના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી કોઈ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો ન હતો. ગાંધીનગર જિલ્લામાંથી પણ ધો -૧૦ નુ પરિણામ જાહેર થતા કુલ ૫૦૮ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો હોવાનુ સ્પષ્ટ થયુ છે. જિલ્લામાંથી ૨૬૨૮૧ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે નોંધણી થઈ હતી. જયારે આ પૈકી ૫૦૮ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જયારે ૧૮૧૮ એ ટુ માં, ૩૨૧૧ બી વનમાં, ૪૪૮૫ બી ટુ માં ૫૧૨૬ સી વનમાં અને ૪૮૯૬ વિદ્યાર્થીઓએ સી ટુ ગ્રેડ મેળવ્યો છે. બોર્ડ દ્વારા ગઈકાલે મોડી સાંજે પરિણામ જાહેર કરાયા બાદ આજે શાળામાં વિદ્યાર્થીઓને પરિણામની માર્કશીટ વિતરણ કરવા માટે ધમધમાટ જોવા મળ્યો હતો જો કે કેટલીક શાળાઓમાં પરિણામ જાહેર કરાયા બાદ પણ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી. જયારે માસ પ્રમોશનના લીધે શાળા કક્ષાએથી પણ વિદ્યાર્થીઓના તેજસ્વી પરિણામ સંદર્ભે કોઈ વિશેષ ઉત્સાહનો પણ

● અનુસંધાન પાન-૭ પર

## ધો -૯ અને ૧૦ ની પ્રથમ વાર્ષિક તેમજ એકમ કસોટીના આધારે પરિણામ તૈયાર કરાયુ

કોરોનાની મહામારીના સંજોગોમાં ધો -૧૦ માં માસ પ્રમોશન આપવાની સરકારે જાહેરાત કર્યા બાદ પરીક્ષાલક્ષી ઉત્તેજનાનો અંત આવ્યો હતો જયારે શાળા કક્ષાએથી પરિણામ તૈયાર કરવા માટે પણ શિક્ષકોએ ખુબ જ મહેનત કરી છે. ધો -૧૦ નુ ગઈકાલે સાંજે પરિણામ જાહેર કરાયુ છે. ત્યારે આ પરિણામ તૈયાર કરવા માટે ધો -૯ની ૫૦ ગુણની પ્રથમ વાર્ષિક પરીક્ષાના ૨૦ ગુણ, બીજી પરીક્ષાના ૨૦ તેમજ ધો-૧૦ ૮૦ ગુણની પ્રથમ વાર્ષિક પરીક્ષાના ૩૭.૫ ટકા અલબત્ત ૩૦ ગુણ જયારે વર્ષ દરમિયાન વિષયવાર લેવાયેલી કુલ ૭ એકમ કસોટીના ૪૦ ટકા એટલે ૧૦ ગુણનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત ૨૦ આંતરિક ગુણની પણ ધો -૧૦ નુ પરિણામ તૈયાર કરવા માટે ગણના કરવામાં આવી છે. માસ પ્રમોશનના અંતે ધો -૧૦નુ પરિણામ તૈયાર કરવા આ મુજબ ગુણ મુકવામાં આવ્યા છે.

## ગત વર્ષે જિલ્લાનુ પરિણામ ૬૯.૨૩ ટકા અને માત્ર ૫૬ને એવન ગ્રેડ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાયેલી ધો -૧૦ ની બોર્ડ પરીક્ષામાં ગાંધીનગર જિલ્લાનુ રીઝલ્ટ ૬૯.૨૩ ટકા રહ્યુ હતુ. જયારે ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૭.૨૬ ટકા આવ્યુ હતુ ગત વર્ષે જિલ્લામાંથી માત્ર ૫૬ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ પ્રાપ્ત થયો હતો જયારે નોંધાયેલા ૨૩૮૧૨ પૈકી ૨૩૫૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૬૨૭૮ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા હતા. આ વર્ષે માસ પ્રમોશનના લીધે વિદ્યાર્થીઓ માટે પાસ નપાસનો પ્રશ્ન જ ઉપસ્થિત થયો નથી પરંતુ પરિણામની ટકાવારીથી હટીને એ વન ગ્રેડની વાત કરીએ તો સંખ્યામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે.

## ના વધાઈ.. ના.. આઈસ્ક્રીમ-મીઠાઇ

સામાન્ય રીતે ધો -૧૦ નુ પરિણામ જાહેર થાય ત્યારે મીઠાઈ ફરસાણની દુકાનો તેમજ આઈસ્ક્રીમ પાર્લરો પર ભીડ જોવા મળે છે. દરવર્ષે બોર્ડ પરિણામના અંતે શાળામાં પૈડાનુ વિતરણ થાય છે. તેજસ્વી વિદ્યાર્થીઓ તેમના સગાસંબંધી તેમજ મિત્ર વર્તુળને પણ મીઠાઈ આઈસ્ક્રીમ ખવડાવી ખુશી વ્યકત કરે છે.

પરીક્ષામાં વિદ્યાર્થીઓને ચોકલેટ પેન આપી બેસ્ટ ઓફ લકની શુભેચ્છા બાદ પરિણામ વેળાએ આઈસ્ક્રીમ પાર્ટી પણ થાય છે. પરંતુ આ વર્ષે કોરોનાની કપરી સ્થિતિ વચ્ચે માસ પ્રમોશન જાહેર થતા ધો -૧૦ ના પરિણામની જાહેરાતના અંતે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં કોઈ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો ન હતો. આઈસ્ક્રીમ મીઠાઈની ખરીદી પણ થઈ ન હતી જેના લીધે મીઠાઈની દુકાનો તેમજ પાર્લરો પર પણ સુનકાર રહ્યો હતો.

# છેલ્લા દિવસે મહાનગરપાલિકામાં મિલ્કતવેરો ભરવા લાઈનો લાગી

**મનપાને મિલ્કતવેરા એડવાન્સ ભરનારાઓની સંખ્યામાં અને આવકમાં વધારો થયો**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકામાં મિલ્કતવેરામાં વળતર યોજનાના આજે છેલ્લા દિવસે એક હજારથી વધુ મિલ્કતધારકોએ તેમનો મિલ્તવેરો ભર્યો હતો.

મનપાના સૂત્રોએ સ્વીકાર્યુ છે આ વખતે એડવાન્સ મિલ્કતવેરો ભરી વળતર યોજનાનો લાભ લેનારા લાભાર્થીઓમાં ગત વર્ષની તુલનામાં વધારો થયો છે. ગયા વર્ષે ૩૦મી જૂન સુધીમાં એડવાન્સ વેરાની આવક ૧૨.૫૦ કરોડ જેટલી થઈ હતી જે આ વખતે વધીને ૧૫ કરોડ જેટલી થઈ છે.

કોરોનાની મહામારીને પગલે એડવાન્સ મિલ્કતવેરો ભરવાની મુદત ૩૦-૬ સુધી લંબાવવામાં આવી હતી. આજે આ મુદત પૂર્ણ થઈ છે. હવે પછી ૩૧-૭ સુધી વેરો ભરનાર પર વ્યાજની રકમ નહિ ગણવાનો નિર્ણય પણ મનપાના તંત્રએ કર્યો છે. જો કે હવે પછી વેરો ભરનારને ૧૦ ટકા વળતર યોજનાનો લાભ મળશે નહિ.

મનપાની કચેરીમાં આજે છેલ્લો દિવસ હોવાથી મિલ્કત ધારકોએ સવારથી જ લાઈન લગાવી દીધી હતી. આજે આખા દિવસ દરમ્યાન એક હજારથી પણ વધુ મિલ્કતધારકોએ વેરો જમા કરાવ્યો હતો.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વર્ષે ૨૨ હજાર જેટલા મિલ્કતધારકોએ એડવાન્સ ટેક્સ ચૂકવી અને વળતર યોજનાનો લાભ લીધો છે. જે ગત વર્ષ કરતાં પણ બે હજારથી વધુ મિલ્કતધારકોનો વધારો આ વર્ષે નોંધાયો છે.

શહેરમાં મનપાને મિલ્કત વેરાની આવક મનપાને સૌથી મોટી થતી હોય છે. આ વખતે મિલ્કતવેરાની આવકનો લક્ષ્યાંક પણ વધારે રાખવામાં આવ્યો છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩૧-૭ પછી બાકી મિલ્તક વેરા ધારકોની યાદી તંત્ર દ્વારા તૈયાર કરી અને તેમને નોટીસો આપવાની કામગીરી હાથ પર લેવામાં આવશે.

# જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા

**તંત્રએ આકસ્મિક પાક આયોજન માટેની તૈયારીઓ હાથ ધરી**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાને લઈ તંત્રએ આકસ્મિક પાક-આયોજન કરવાની તૈયારીઓ આરંભી છે. જો કે વરસાદ સારો થશે તેમજ અલનીનોની ઈફેક્ટ નહિ હોય, તેવી વાતો વચ્ચે હાલ કોઈ વરસાદને અનુરૂપ સિસ્ટમ નથી.

જિલ્લામાં ગરમીનું મોજુ હજુ પણ યથાવત્ રહેવાનુ હવામાન વિભાગના સૂત્રોનું કહેવુ છે. જે રીતે ગરમી પડી રહી છે તેથી જમીનમાં રહેલો ભેજ ઉડી ના જાય તે માટે સંરક્ષણાત્મક પગલાંઓ લેવા ખેડૂતોને માર્ગદર્શન આપવાનું કામ તંત્રએ હાથ ધર્યુ છે.

જિલ્લામાં સિઝનનો અત્યાર સુધીમાં સરેરાશ ૮.૮૫ ટકા વરસાદ નોંધાયો છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સિઝનનો ૭૬૫ મી.મી. વરસાદ નોંધાતો હોય છે તેની સામે ૬૮ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી પરિસ્થિતિમાં ઉગાવાની સ્થિતિમાં જરૂર પડ્યે પિયત આપવાની ભલામણ તંત્રએ કરી છે.

ગરમીને કારણે જમીનમાં ભેજ ઓછો થઈ રહ્યો છે અને તેની વિપરીત અસરો પાકના ઉગાવા પર ના પડે તે માટે ભેજને બચાવવા આંતર ખેડ કરવા, નિંદામણનું નિયંત્રણ સમયસર કરવા તેમજ પાકના છોડની આજુબાજુમાં ઘાસ અથવા ઘઉં અથવા ડાંગરનું પરાળ પાથરી આવરણ કરવા તેમજ એકાતરા પાટલે પિયતની ભલામણ તંત્ર દ્વારા કરવામાં આવી છે.

જિલ્લામાં હાલ તો ખરીફ વાવણીની કામગીરી ધીમી પડી ગઈ છે. જિલ્લામાં વરસાદ ખેંચાયો જરૂર છે પણ વાવેતર સારૂ થશે તેવો વિશ્વાસ વ્યક્ત તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

દરમ્યાન જિલ્લામાં ૪ થી ૭ જૂન સુધીના હવામાન પૂર્વાનુમાન અંગે દાંતીવાડા કૃષિ યુનિ.ના બુલેટીનના અંક નં. ૨૬ માં જણાવ્યા મુજબ ૩૦મીએ હળવો વરસાદ થવાની સંભાવના છે. આગામી પાંચ દિવસમાં આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને હળવો વરસાદ પડવાની શક્યતા છે.

મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર

## માર્ગ મકાન વિભાગના ૨૯ નાયબ કાર્યપાલક ઈજનેરોને બઢતી

ગાંધીનગર તા ૩૦

માર્ગ મકાન વિભાગ દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેરોને કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી સાથે બદલી આપવામાં આવી છે. ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૨ સંવર્ગમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા ૨૯ અધિકારીઓને કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી આપવામાં આવી છે. અધિકારીઓને હાલની ફરજના સ્થાનેથી બઢતીથી અન્ય જગ્યાએ નિમણુંક આપવામાં આવી છે.જેમાં ગાંધીનગર માર્ગ મકાન વિભાગની આલેખન વર્તુળ કચેરીના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજયમાં ઈજનેરી કચેરીમાં ફરજ બજાવતા અન્ય અધિકારીઓને પણ બઢતી આપવામાં આવી છે.

## સાદરામાં દોઢ માસના ભૂલકાનો રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૩ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩ દિવસ બાદ આજે એક કેસ નોંધાયો છે જ્યારે શહેરમાં બે કેસ નોંધાયા છે.

જિલ્લામાં આજે ત્રણેય કેસ ટીનેજર્સના નોંધાયા હોવાથી તંત્રમાં ચિંતાની લાગણીનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સાદરામાં ૧.૫ મહિનાના ભૂલકાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાથી તંત્ર સ્તબ્ધ બની ગયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આ સાથે ૯૬૦૮ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૯ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૩૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ૩ દિવસ બાદ ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કેસ દેખાયો અને તે પણ નાના ભૂલકાનો કેસ હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળી હતી. તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. ગાંધીનગર શહેરમાં પણ આજે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી આ કેસ મળી આવ્યા છે. બન્ને દર્દી ટીનેજર્સ છે.

શહેરમાં સમાવિષ્ટ કોબામાંથી ૧૯ વર્ષીય યુવાનનો તથા ધોળાકુવા ગામેથી ૧૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામીણ વિસ્તારમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ હોમ આઈસોલેશનના નિયમોના અમલને લઈ કડક મોનીટરીંગ કરવાની સૂચનાઓ આપી છે.

**શહેરમાં કોબા અને ધોળાકુવાના ટીનેજર્સ કોરોનામાં સપડાયા : જિલ્લામાં 3 કેસ નોંધાયા : ત્રણેય દર્દી હોમ આઈસોલેશનમાં**

## ગાંધીનગરના બે સર્જકોને ગુજરાત સાહિત્ય અકાદમીના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક

ગાંધીનગર તા.૩૦

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ-૨૦૧૮ માટે શ્રેષ્ઠ પુસ્તકોના પારિતોષિક જાહેર કરવામાં આવ્યા છે જેમાં ગાંધીનગરના બે સર્જકોનો સમાવેશ થતાં શહેરના સાહિત્ય વર્તુળમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા વર્ષ-૨૦૧૮નાં શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક જાહેર કરવામાં આવ્યાં છે જેમાં બાળ સાહિત્ય વિભાગમાં ગાંધીનગર સાહિત્ય સભાના પુર્વ પ્રમુખ તેમજ જાણીતા સાહિત્યકાર નટવર હેડાઉના બાળ નાટક 'હવે હું ચૂપ નહીં રહું'ને દ્વિતીય શ્રેષ્ઠ નાટક તરીકે પસંદ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિવેચન વિભાગમાં શહેરના પ્રાધ્યાપક ધ્વનિલ પારેખન વિવેચનસંગ્રહ 'સમીક્ષિત'ને દ્વિતીય પારિતોષિક જાહેર કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે બંન્ને સર્જકો ગાંધીનગર સમાચારના કટાર લેખક છે.

## કોરોના કાળમાં પણ કિશોર ક્લાસીસના તેજસ્વીઓ ઝળકયા

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધો -૧૦ની પરીક્ષા આ વર્ષે રદ કરી વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરાયો છે. જયારે પરીક્ષાનુ પરિણામ તૈયાર કરવા માટે પણ ચોક્કસ નિતી તૈયાર કરાઈ હતી જેના અંતે આજે બોર્ડનુ પરિણામ તૈયાર કરી જાહેર કરાયુ હતુ. જો કે આ વર્ષે પરિણામ જાહેર થયા બાદ એ વન ગ્રેડના વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે શહેરમાં વર્ષોથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી સંસ્થા કીશોર ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ પણ દરવર્ષની જેમ તેજસ્વી વિદ્યાર્થીઓમાં મોખરા સ્થાને છે. કિશોર ઈન્સ્ટીટ્યુટના કીશોરસિંહ રાજપુત, બલવંતસિંહ રાજપુત અને અજયસિંહ રાજપુત માત્ર કોર્મશિયલ ધોરણે જ વર્ગોમાં શિક્ષણ આપવાના બદલે વિદ્યાર્થીઓની મુંઝવણ તેમજ સમસ્યાઓ દુર કરવા માટે પણ પ્રયત્નશીલ હોય છે. ત્યારે ઈન્સ્ટીટુયટમાં આવતા વિદ્યાર્થીઓ વધુ સારુ પરિણામ કેવી રીતે મેળવી શકે અને તેમને નડતા અવરોધો દુર કરવા માટે પણ સંસ્થા દ્વારા સતત પ્રયાસો કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ અભ્યાસ સંબંધિત મુશ્કેલીઓ દુર કરવા અડધી રાત્રે પણ બિન્દાસ્ત માર્ગદર્શન મેળવી શકે તે માટે સંસ્થાના શિક્ષકો પણ ઉત્સુક હોવાનુ તેજસ્વીઓ જણાંવે છે. કોરોનાના કપરા કાળમાં પ્રત્યક્ષ શિક્ષણ આપવાનુ મુશ્કેલ બન્યુ છે ત્યારે સંસ્થા દ્વારા ઓનલાઈન શિક્ષણના સથવારે સતત વિદ્યાર્થીઓ માર્ગદર્શન પુરુ પાડયુ છે. ગુજરાતના અંતરિયાળ ગામોમાં પણ શાળાએ ન જઈ શકતા વિદ્યાર્થીઓને વિના મુલ્યે શિક્ષણ પુરુ પાડવાની ઉમદા કામગીરી પણ કિશોર ઈન્સ્ટીટ્યુટ દ્વારા કરવામાં આવી છે. ધો -૧૦ ના પરિણામમાં આ વર્ષે દરવર્ષની જેમ કિશોર ઈન્સ્ટીટ્યુના ૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. વિદ્યાર્થીઓની તેજસ્વી શૈક્ષણિક કારકીર્દી માટે સતત પથદર્શક બનતા કિશોરસરનો સૌ વિદ્યાર્થીઓએ દીલથી આભાર વ્યકત કર્યો છે.


**બેસણું/શ્રદ્ધાંજલિ**



અમારા પૂજ્ય પિતાશ્રી
**વાઘેલા મફાજી પુંજાજી નું**
તારીખ ૨૯/૦૬/૨૦૨૧ને મંગળવારે
દુઃખદ અવસાન થયું છે.
**સ્વ.શ્રી મફાજી પુંજાજી વાઘેલા**
(એમ.પી.વાઘેલા) રીટાયર્ડ : ડી.વાય.એસ.પી.,
માજી સરપંચ વાસણ મહાદેવ
સ્વર્ગવાસ : તારીખ ૨૯/૦૬/૨૦૨૧, મંગળવાર

આપનું જીવન અમારી પ્રેરણા હતું, આપના આદર્શો અમારા માર્ગદર્શન હતા.
અમે આપના સરળ જીવન ઉચ્ચ વિચારો પ્રેમને ક્યારેય પણ ભૂલી શકીશું નહીં.
ઈશ્વર આપના પવિત્ર આત્માને શાંતિ આપે.

સદ્ગતશ્રીનું બેસણું તારીખ ૦૨/૦૭/૨૦૨૧ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.
સ્થળ: હનુમાનજી મંદીરના કમ્પાઉન્ડમાં વૈજનાથ મહાદેવની સામે, ગામ:વાસણ મહાદેવ

વાઘેલા કરણસિંહ મફાજી
૯૯૨૪૧૨૫૨૦૭
વાઘેલા જયેન્દ્રસિંહ મફાજી
૯૬૦૧૧૨૧૦૨૧
ક્રિષ્ના ગેસ સર્વિસ (HPCL ઇસનપુર)
કર્મ ગેસ સર્વિસ (BPCL ઓઢવ)
વાઘેલા વિરેન્દ્રસિંહ મફાજી (અજીતસિંહ)
૯૮૨૫૦૧૧૫૨૨
(મંત્રી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, પ્રભારી ભાવનગર જિલ્લો)

સ્વ.વાઘેલા રાજદીપસિંહ કરણસિંહ
વાઘેલા સિધ્ધરાજસિંહ જયેન્દ્રસિંહ
વાઘેલા કર્મજીતસિંહ વિરેન્દ્રસિંહ
વાઘેલા યશરાજસિંહ વિરેન્દ્રસિંહ



**TENDER NOTICE**
(URGENT)

WORK NAME FOR HOSTEL REPAIRING AND RENOVATION AT CAPITAL SHOPING MALL-2, 1ST FLOOR INFOCITY, GANDHINAGAR.
ESTIMATED TENDER VALUE : 13,57,396.00 RS
TENDER FEE : 1000.00 RS
EMD : 42,500.00 RS
TENDER INVITE DATE : 02/07/2021 TO 04/07/2021
PLACE TO GET TENDER : CREATIVE INFOCITY LTD, IT TOWER 4, INFOCITY, GANDHINGAR.
TENDER CLOSE DATE : 05/07/2021 AT 3:00 PM
PRE BID MEETING DATE : 05/07/2021 AT 6:30 PM
TENDER OPENING DATE : 06/07/2021
WORK COMPLETION PERIOD : 15 DAYS

MANAGING DIRECTOR
CREATIVE INFOCITY LTD



:: ટેલીફોનિક બેસણું ::



**સ્વ. શ્રીમતી સીમા રાજકુમાર ધમીજા**
સ્વ. તા. ૨૯-૬-૨૦૨૧ને મંગળવાર

આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે અમને
સ્મરણ તમારૂ થાય છે, અને મન મુકીને રડાવે છે,
અંજલી આપતા હૈયુ તુટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખુટે છે,
ભગવાન આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

દુઃખ સાથે જણાવવાનું કે અમારી સુપુત્રી સીમાબેન રાજકુમાર ધમીજાનું આકસ્મિક અવસાન તા.૨૯-૬-૨૦૨૧ને મંગળવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરું વર્તમાન પરિસ્થિતને અનુલક્ષીને સદ્ગતનું ટેલીફોનિક બેસણું તા.૨-૭-૨૦૨૧ને શુક્રવારના રોજ સવારે ૧૧-૦૦થી ૧-૦૦ કલાક સુધી રાખેલ છે.

લિ.
એસ.ડી.આર.મલિક (પિતા)
પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગર.
ઉપપ્રમુખ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ, ગાંધીનગર.
Mo. : 9662785828
શીલા એસ. મલિક (માતા)
સપના સંદીપ બત્રા (બેન)
Mo. : 9601865521
નીરજ એસ. મલિક (ભાઇ)
ચાંદની નીરજ મલિક (ભાભી)
Mo. : 9974754477, 7226844892

પૂજા રાજકુમાર ધમીજા (દિકરી)
Mo. : 6351629731
રીયા રાજકુમાર ધમીજા (દિકરી)
Mo. : 6351646285
સંજના, મીહિર, કિશ.

સેક્ટર-૧/સી, ગાંધીનગર.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com